Ontario

# સમાચાર પ્રકાશન

નાણા મંત્રાલય

## ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના

### *2026 ઓન્ટેરિયો બજેટ* વધુ સ્પર્ધાત્મક, સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર અર્થતંત્ર બનાવીને ઓન્ટેરિયોના કાર્યકરો અને કુટુંબોને સુરક્ષિત રાખવાની યોજનાનું અમલીકરણ કરે છે

**સમાચાર** માર્ચ 26, 2026

ટોરોન્ટો – આજે, નાણામંત્રી Peter Bethlenfalvy (પીટર બેથ્લેનફાલ્વી)એ *2026 ઓન્ટેરિયો બજેટ* રજૂ કર્યું: *ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના.* ટેરિફ અને આર્થિક અનિશ્ચિતતાઓની વચ્ચે, સરકાર G7 માં સૌથી સ્પર્ધાત્મક, સ્થિતિસ્થાપક અર્થતંત્રનું નિર્માણ કરીને ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની પોતાની યોજના પૂર્ણ કરવાનું ચાલુ રાખે છે, જેમાં ઓન્ટેરિયોના ટેક્સ એક્શન પ્લાનના આગામી તબક્કામાં સામેલ નોંધપાત્ર કર રાહત સમાવેલ છે. વર્ષ *2026 નું બજેટ* નોકરીઓ અને રોકાણ આકર્ષવા, કામદારો અને ધંધાઓ માટેના ખર્ચાઓ ઘટાડવા, કુટુંબો અને વ્યક્તિઓ માટે જીવનનિર્વાહ સસ્તું રાખવા અને પ્રોવિન્સની લાંબા-ગાળાની સમૃદ્ધિને ટકાવતી મુખ્ય જાહેર સેવાઓમાં લક્ષ્યાંકિત રોકાણો કરવાની સરકારની યોજનાને આગળ ધપાવે છે.

"ઓન્ટેરિયો વ્યાવહારિક અને દૂરંદેશી રાજકોષીય યોજનાથી આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે," મંત્રી Bethlenfalvy (બેથ્લેનફાલ્વી)એ કહ્યું. "વર્તમાન સમયનો સામનો કરવામાં અને વધારે મજબૂત બનીને બહાર આવવામાં મદદ મેળવવા, આપણે વ્યૂહાત્મક અગ્રતાઓમાં રોકાણ કરી રહ્યાં છીએ જેમ કે ઊર્જા, મહત્વપૂર્ણ ખનીજો, મુખ્ય માળખાગત સગવડો અને સટીક ટેકનોલોજી જે આપણાં અર્થતંત્રને વધારે મજબૂત બનાવે, પ્રગતિ અવરોધતી પ્રક્રિયાઓ ઘટાડીને ધંધાઓ વિકસવામાં મદદરૂપ થાય, કામદારોને ટેકો આપીને ઓન્ટેરિયોના અર્થતંત્રને મજબૂત બનાવતી પરિસ્થિતિઓ રચવી."

પડકારજનક વૈશ્વિક આર્થિક સંજોગો હોવા છતાં. ઓન્ટેરિયોનું *2026 બજેટ* પ્રોવિન્સની સ્થિતિસ્થાપકતા અને આજ સુધીની દૂરંદેશી નાણાકીય વ્યવસ્થાપનના લાભોને પ્રતિબિંબિત કરે છે. અન્ય પ્રોવિન્સો અને સંઘીય સરકારે નોંધપાત્ર નાણાકીય કપાતો, નાગરિક સેવાના કદમાં ઘટાડો કર્યો છે અથવા કરો વધાર્યા છે ત્યારે, ઓન્ટેરિયોનું *2026 બજેટ* દ્વારા મુખ્ય અગ્રતાઓ માટે ભંડોળ વધારવાનું ચાલુ રાખવામાં આવ્યું છે જેમાં માળખાગત સગવડો, આરોગ્ય સંભાળ અને શિક્ષણ સામેલ છે, સાથે સાથે ઓન્ટેરિયોના પરિવારો માટે જીવનનિર્વાહ વધારે સસ્તું બનાવવા નોંધપાત્ર કર રાહત પૂરી પાડે છે, પ્રોવિન્સમાં સ્પર્ધાત્મકતા વધારે છે અને રોકાણ અને નોકરીઓ ઊભી કરવાને પ્રોત્સાહન આપે છે.

સરકારનો અભિગમ પોતાની નાણાકીય યોજનાના ભાગ તરીકે સંતુલન જાળવવાનો માર્ગ જાળવી રાખે છે. વર્ષ *2026 બજેટ* મુખ્ય જાહેર સેવાઓમાં સતત રોકાણો કરીને દૂરંદેશી અને નાણાકીય રીતે જવાબદાર અભિગમ લેવાનું ચાલુ રાખે છે, સાથે સાથે ઓન્ટેરિયોના લોકો માટે બદલાતી પરિસ્થિતિઓને પ્રતિસાદ અને ઓન્ટેરિયોના લોકો માટે ટેકો આપવા જરૂરી નાણાકીય લચીલાપણું જાળવી રાખે છે.

ઝાંખીઓમાં સામેલ છે:

- G7 માં ઓન્ટેરિયોને સૌથી સ્પર્ધાત્મક અધિકારક્ષેત્ર બનાવવા પ્રોવિન્સનો ટેક્સ એક્શન પ્લાન અમલમાં મૂકવો અને નીચે જણાવ્યા મુજબ ખર્ચાઓ ઘટાડવા:
    - $1 મિલિયન સુધીની કિમતના નવા ઘરોના પાત્ર બધાં ખરીદનારાઓ માટે હાર્મોનાઇઝ્ડ સેલ્સ ટેક્સ (HST)નાં સંપૂર્ણ 13 ટકા હટાવીને ઘર ખરીદનારાઓ માટે વધુ રાહત પૂરી પાડવી જેમાં પાત્ર ખરીદનારને મહત્તમ રાહત $130,000 સુધીની આપવી અને આ રકમ $1.5 મિલિયનની કિમતના નવા ઘરો માટે જાળવી રાખવામાં આવશે. સંઘીય સરકારે ઓન્ટેરિયો સાથે પ્રોવિન્સની આવાસ પહેલોને ટેકો આપવા ખર્ચ–વહેંચણી કરવા સંમતિ આપી છે, સંઘીય કાયદો પસાર થવાને અધીન, જે ઓન્ટેરિયોમાં નવા ઘરોમાંથી હટાવાના HST માટે આશરે પાંચ ટકાના ફેડરલ ભાગને આવરી લેશે. આ ભાગીદારી ઓન્ટેરિયોમાં આવાસ માટે કુલ સહિયારી કર રાહતમાં લગભગ $2.2 બિલિયન પૂરા પાડશે.

    - જુલાઈ 1, 2026 થી નાના ધંધાઓનો કોર્પોરેટ ઇન્કમ ટેક્સ (CIT) 3.2 ટકાથી ઘટાડીને 2.2 ટકા કરવાની દરખાસ્ત મૂકીને ઓન્ટેરિયોના નાના ધંધાઓ સ્પર્ધાત્મક અને સ્થિતિસ્થાપક રહેવાનું ચાલુ રાખે તેવી ખાતરી કરવી. દર 30 ટકાથી વધારે ઘટાડવાથી, ઓન્ટેરિયોના 375,000 ઉપરાંત નાના ધંધાઓને આગામી ત્રણ વર્ષોમાં CIT રાહતમાં વધારાના $1.1 બિલિયનનો લાભ થશે.

    - સંઘીય સરકારે કરેલી ફેરફારોની જાહેરાતને સમાંતર, ધંધાઓના ઘસારાપાત્ર મિલકતોના ખર્ચ માટે આવકમાંથી કર કપાત ઝડપી બનાવવાની છૂટ આપીને મૂડી રોકાણનો ખર્ચ ઘટાડવાનો હેતુ રાખવો. આ ફેરફારો વિશાળ શ્રેણીની મિલકતોમાં રોકાણ માટેનો ખર્ચ ઘટાડશે અને સંઘીય કાયદો પસાર થયા પછી અમલમાં આવશે.

- પ્રોટેક્ટ ઓન્ટેરિયો એકાઉન્ટ ઇન્વેસ્ટમેન્ટ ફંડ સ્થાપવું, જેમાં પેન્શન ફંડો અને અન્ય ખાનગી મૂડીમાંથી રોકાણ આકર્ષવા પ્રોવિન્સ $4 બિલિયન જેટલું રોકાણ કરશે જેથી ઓન્ટેરિયોની લાંબા–ગાળાની આર્થિક અને વ્યૂહાત્મક અગ્રતાઓ આગળ વધારી શકાશે.

- ઓન્ટેરિયો ઓટિઝમ પ્રોગ્રામ માટેનું ભંડોળ વાર્ષિક ધોરણે આશરે $1 બિલિયન જેટલું વધારવું, જેનાથી વધારે બાળકો અને જુવાનો પાયાની નૈદાનિક સેવાઓ સુધી પહોંચી શકવાની સાથે સાથે સમગ્ર પ્રોવિન્સમાં આ કામગીરીના ક્ષેત્રની ક્ષમતાને વધારે મજબૂત બનાવશે.

- 2025 થી 2029 સુધીમાં પ્રાથમિક સંભાળ કાર્ય યોજનામાં ઓન્ટેરિયોનું ચાર–વર્ષીય રોકાણ વિસ્તારીને $3.4 બિલિયનનું કરવાથી, ઓન્ટેરિયોમાં દરેક વ્યક્તિને કૌટુંબિક તબીબ કે પ્રાથમિક સંભાળ પૂરી પાડનાર સાથે જોડવાની યોજના આગળ વધશે. પ્રાથમિક સંભાળ કાર્ય યોજના મારફતે થતી પહેલોથી પ્રાથમિક સંભાળ સાથે જોડાવા ઇચ્છતા ઓન્ટેરિયોના બાકીના લોકો માટે ગેપ (અંતર) ઘટશે, ઓન્ટેરિયોમાંના દરેક વ્યક્તિને પ્રાથમિક સંભાળ સાથે જોડવાનું લક્ષ્ય હાસલ થશે.

- કેનેડાના ઇતિહાસમાં પ્રોવિન્સની સૌથી મહત્વાકાંક્ષી મૂડી યોજનામાં રોકાણ, વર્ષ 2026–27 માં $37 બિલિયન સહિત, 10 વર્ષો ઉપરાંતના સમયમાં આયોજિત રોકાણો $210 બિલિયનથી વધારે કરવા. આમાં સામેલ છે, હાઇવે, હોસ્પિટલો, ટ્રાન્ઝિટ અને સામુદાયિક માળખાગત સગવડોનું નિર્માણ કરવું જેનાથી કામદારોને નોકરીઓ મળશે, ઓન્ટેરિયોનું અર્થતંત્ર વધારે મજબૂત થશે અને આવનારી પેઢીઓ માટે સમુદાયોનો વિકાસ થવાની ખાતરી મળશે.

- સમગ્ર પ્રોવિન્સમાં નવી રમતગમત અને આનંદપ્રમોદની સગવડોનું સમારકામ, અપગ્રેડ કે નિર્માણને ટેકો આપીને સમુદાયોની વધતી જતી જરૂરિયાતો સંતોષવામાં મદદ મેળવવા, કમ્યુનિટી સ્પોર્ટ ઍન્ડ રિક્રિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ મારફતે છ વર્ષ ઉપરાંતના સમયમાં વધારાના $300 મિલિયન પૂરા પાડવા. ઓન્ટેરિયોના કાર્યક્રમ મારફતે રોકાણો હવે કુલ $500 મિલિયન થાય છે.

- વિદ્યાર્થી ઉપલબ્ધતા સુધારવા અને તેઓને ભવિષ્ય માટે તૈયાર કરવા શાળાકીય વર્ષ દીઠ $66 મિલિયન રોકીને એલિમેન્ટ્રી સ્કૂલ હોમરૂમ માટે ક્લાસરૂમ સપ્લાય ફંડ બનાવવું જેમાં શિક્ષકો ક્લાસરૂમ સપ્લાય કાર્ડ મેળવશે જે તેઓનો ખિસ્સા ખર્ચ ઘટાડવા વાર્ષિક $750 ની પહોંચ પૂરી પાડશે.

- ગ્રેટર ટોરોન્ટો ઍન્ડ હેમિલ્ટન એરિયા (GTHA) માં રોજિંદા ટ્રાન્ઝિટ વપરાશકારોનો ખર્ચ વર્ષ દીઠ $1,600 જેટલો બચાવવા, ઓન્ટેરિયો વન ફેર પ્રોગ્રામ બે વર્ષ સુધી લંબાવવો જેથી મુસાફરો માટે ખર્ચાઓ ઘટાડવાનું ચાલુ રહે.

## ઝડપી હકીકતો

- ઓન્ટેરિયોની વર્ષ 2025–26 માટેની ખાધ $12.3 બિલિયન રહેવાનો અંદાજ છે — જે *2025 બજેટ*માં પ્રકાશિત અંદાજની સરખામણીમાં $2.3 બિલિયન જેટલો સુધારો દર્શાવે છે.

- ઓન્ટેરિયોની દૂરંદેશી યોજના ન તો કર વધારે છે અને ન તો સેવાઓમાં કાપ મૂકે છે, અને ઓન્ટેરિયો એકમાત્ર એવું પ્રોવિન્સ છે જે સંતુલનનો માર્ગ જાળવી રાખે છે.

- 2028–29 માં $0.6 બિલિયનની સરપ્લસ (સિલક)નું આયોજન કરતા પહેલાં, મધ્યમ ગાળાના સમયમાં, સરકારનો ખાધ અંદાજ 2026–27 માં $13.8 બિલિયન અને 2027–28 માં $6.1 બિલિયન રહે તેમ છે.

- ઓન્ટેરિયોનો વાસ્તવિક GDP વર્ષ 2025 માં અંદાજિત 1.2 ટકા વધ્યો અને 2026 માં 1.0 ટકા, 2027 માં 1.7 ટકા, 2028 માં 1.8 ટકા અને 2029 માં 2.0 ટકા વધે તેવો અંદાજ છે.

- ઓન્ટેરિયોનો 2025–26 માટે ચોખ્ખું ડેબ્ટ (દેવું)–ટૂ–GDP પ્રમાણ હવે 36.8 ટકા રહેવાનો અંદાજ છે, જે *2025 બજેટ*માં અંદાજિત 37.9 ટકાથી 1.1 પરસેન્ટેજ પોઇન્ટનો ઘટાડો સૂચવે છે, જે મુખ્યત્વે અંદાજિત ખાધ કરતા ઓછાં હોવાને લીધે છે. મધ્યમ ગાળાના અંદાજમાં, ચોખ્ખું ડેબ્ટ (દેવું)–ટૂ–GDP પ્રમાણ 40.0 ટકાના લક્ષ્યાંકથી નીચે રહે તેવો અંદાજ છે, જે સૂચવે છે કે ઓન્ટેરિયોનું દેવાનો બોજ ઘટાડવા તરફ હકારાત્મક પ્રગતિ કરવાનું ચાલુ છે.

## વધારાના સંસાધનો

2026 Budget વાંચો: ઓન્ટેરિયોનું સંરક્ષણ કરવાની યોજના

2026 બજેટની ઝાંખીઓ વાંચો: ઓન્ટેરિયોનું સંરક્ષણ કરવાની યોજના

પશ્ચાદભૂ માહિતી વાંચો: આર્થિક અને નાણાકીય સમીક્ષા

## મીડિયા સંપર્ક


Sarah Chapin (સારાહ ચેપિન)
Minister Bethlenfalvy's Office (મંત્રી બેથ્લેનફાલ્વીનું કાર્યાલય)
Sarah.Chapin@ontario.ca

Scott Blodgett (સ્કૉટ બ્લોજેટ્ટ)
કમ્યુનિકેશન્સ બ્રાંચ
Scott.Blodgett@ontario.ca


**news.ontario.ca/mof/en**
*Disponible en français*